

ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# શહેરમાં ૨ ઈંચ વરસાદથી સેકટરોમાં જળબંબાકાર

## આકાશમાંથી વરસતી વરસાદી બુંદથી હરિયાળીમાં નિખાર : લવલી મોસમથી નગરનુ જનજીવન પ્રભાવિત : અષાઢી મેઘના અંબરે હેત વરસાવ્યુ : સેકટરોમાં વરસાદની સાથે વિકરાળ સમસ્યાઓ ઉદભવી









ગાંધીનગર તા ૩ શહેરમાં સતત ત્રીજા દિવસે



મેઘસવારી યથાવત રહી હતી. આજે પણ મેઘરાજા દિવસ દરમિયાન હળવા ભારે ઝાપટા વરસાવી જતા શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. સવારથી વાદળિયા વાતાવરણ વચ્ચે છુટાછવાયા છાંટણા પડયા હતા. જયારે બપોરના સમયે ભારે વરસાદી ઝાપટાના લીધે ચોમેર વરસાદી પાણી પાણી થઈ ગયુ હતુ. દિવસના અંતે શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. સતત વરસાદના લીધે શહેરના સેકટરોમાં સ્થિત કોમન પ્લોટમાં વરસાદી પાણીનો ભરવો જોવા મળી રહયો છે. જયારે કાદવ કિચ્ચડની સાથે માટી પોલાણ થવાના પણ અનેક કિસ્સાઓ ધ્યાને આવ્યા છે. શહેરમાં વરસાદના જોર વચ્ચે નમી ગયેલા વૃક્ષો પણ જોખમી હાલતમાં જોવા મળી રહયા છે. આકાશમાં કાળા ડિંબાંગ વાદળોની હાજરી વચ્ચે છેલ્લા ત્રણ દિવસથી નગરમાં ગરમી અદ્રશ્ય થવાની સાથે લવલી મોસમનો નઝારો સર્જાયો છે. વરસાદી વાતાવરણથી નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. અત્યારસુધી નગરમાં સિઝનનો ૮ ઈંચ વરસાદ નોંધાયો છે.

શહેરમાં વરસાદી મોસમ જામી છે. છેલ્લા ત્રણ દિવસથી રોજ મેઘરાજા હળવા ભારે ઝાપટા વરસાવી જતા પલવારમાં જ શેહરમાં ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો થઈ જાય છે. આજે પણ સતત ત્રીજા



દિવસે મેઘરાજાએ નગરને ભીંજવી દિધુ હતુ. અગાઉ પણ બે દિવસથી સતત એક થી સવા ઈંચ વરસાદ વરસાવી જતા વાદળો આજે પણ બપોર થતા વરસી પડયા હતા. જેના લીધે થોડીવારમાં જ સેકટરોમાં ચોમેર પાણીનો ભરાવો થઈ ગયો હતો. વરસાદની પેટર્નમાં પણ બદલાવ જોવા મળી રહયો છે. દિવસ દરમિયાન ઝરમર વરસતા મેઘરાજા અચાનક જ મુડમાં આવી ભારે ઝાપટા નાંખી જતા ચોમેર વરસાદી પાણીનો ભરાવો થઈ જાય છે. ગઈકાલે પણ સવારે ભારે વરસાદી ઝાપટાથી નગરમાં વરસાદી પાણી ઉભરાયા હતા. શહેરમાં આજે સતત ત્રીજા દિવસે વરસાદના લીધે નગરના મુખ્ય માર્ગો તેમજ આંતરિક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. શહેરમાં સે-૨૪ ,૨૭ સહીત જુના સેકટરોમાં વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડયુ હતુ. જયારે ઘ-૪ પાસે તેમજ ગ-૨ અને સે-૩-૪ ની ચોકડી પાસે પણ વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. સે-૩ ના આંતરિક માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. શહેરમાં સતત વરસાદના લીધે માટી પોલાણ થવાના લીધે કેટલાક ઠેકાણે ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે. જેના લીધે ગમે ત્યારે જાનલેવા અકસ્માત સર્જાય તેવી સ્થિતિ છે. સે-૩ -૪ ની ચોકડી પાસે ગટર લાઈનના અગાઉના ખોદકામના અંતે યોગ્ય માટીપુરાણ ન થતા તંત્રની બેદરકારીના લીધે ગમે તે સમયે અકસ્માત સર્જાય તેમ છે.

● અનુસંધાન પાન-૭ પર



પંચદેવ મંદિર સેક્ટર-૨૨ શોપીંગના માર્ગ પર ફિઝીયોથેરાપી સેન્ટર પાસે પાર્ક થયેલી ગાડી પર ઝાડ નમી પડ્યું હતું...

### બે ફુટનુ તોતિંગ ગાબડુ



શહેરના ઘ-૨ વિસ્તારમાં સ્થિત અપનાબજારના બિલ્ડીંગ પાસે નિર્માણ કરાયેલા નવા શોપિંગ કોમ્પલેક્ષ પાસેના સર્વિસ માર્ગ પર ગટર લાઈન બેસી જતા બે ફુટનુ તોતિંગ ગાબડુ સર્જાયુ છે. જેના લીધે આખો સર્વિસ રોડ બ્લોક થઈ ગયો છે. જયારે આડા દિવસોમાં સતત ટ્રાફિકથી ધમધમતા આ માર્ગ પર વચાળે જ મોટોમસ ખાડો અસ્તિત્વમાં આવતા ગમે ત્યારે જાનલેવા અકસ્માત સર્જાય તેવી સ્થિતિ ઉદભવી છે. તંત્ર દ્વારા આ ઠેકાણે થોડા સમય અગાઉ જ નવી ગટર લાઈન નાંખવાનુ કામ હાથ ધરાયુ હતુ.જયારે ગટર લાઈનના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા આખરે બે ઈંચ વરસાદમાં જ મોટો મસ ખાડો અસ્તિત્વમાં આવ્યો છે. માર્ગ વચાળે જ ખાડો પડતા ગમે ત્યારે વાહનચાલકો આ ખાડામાં ગરકાવ થઈ જાય તેવી સ્થિતિ છે. સે-૩ માં પણ સે-૩ -૪ ની ચોકડી પાસે મોતના કુવા સમાન ખાડાઓ અસ્તિત્વમાં આવ્યા છે. ગટર લાઈનની કામગીરીના અંતે યોગ્ય માટીપુરાણના અભાવે વરસાદના અંતે માટીપોલાણ થતા મોટુ ગાબડુ જોવા મળી રહયુ છે. ગમે ત્યારે રાહદારી આ ગાબડામાં ગરકાવ થઈ જાય તેવી દહેશત પ્રવર્તી છે. ત્વરિત અસરથી આ બન્ને ઠેકાણે યોગ્ય માટીપુરાણ કરીને સમારકામ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# જિલ્લામાં અતિ ભારે વરસાદની આગાહીને પગલે તંત્ર એલર્ટ

## કલોલમાં દિવસ દરમ્યાન ત્રણ ઈંચ, માણસામાં બે ઈંચ તથા ગાંધીનગર-દહેગામમાં ૧II-૧II ઈંચ વરસાદ નોંધાયો : જિલ્લાના પાલજમાં ૧ યુવાનનુ વીજકરંટ લાગવાથી મોત

ગાંધીનગર, તા. ૩

જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહીના પગલે તંત્રને એલર્ટ મોડ પર રહેવા માટે જિલ્લા કલેક્ટરે આદેશો જારી કર્યા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં થઈ રહેલ શ્રીકાર વર્ષાથી ખરીફ ૠતુના વાવેતરમાં સારો એવો વેગ આવ્યો છે. જો કે આ વખતે કપાસના વાવેતરમાં ઘટાડો થવાનો સિલસિલો ચાલુ રહેશે પણ મગફળી અને એરંડાના પાકના વાવેતરમાં વધારો જોવા મળશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૭ ઈંચ જેટલો વરસાદ થઈ ગયો છે. જેમાં સૌથી વધુ વરસાદ કલોલ તાલુકામાં નોંધાયો છે. આજે દિવસ દરમ્યાન પણ કલોલ તાલુકામાં ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે તો માણસા તાલુકામાં બે ઈંચ અને ગાંધીનગર દહેગામમાં ૧II-૧II ઈંચ વરસાદ નોંધાવા પામ્યો છે.

ખેડૂતોએ આજના વરસાદને વધાવતાં ગામઠી લઠણમાં ગીતો ગાતાં કહ્યુ હતુ કે 'વાલમીયો વરસ્યો છે થઈને મહેરબા, અષાઢી સવારી આવી મારા શહેરમાં...'

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નવા બનાવેલા તળાવો તેમજ ઊંડા કરાયેલા તળાવોમાં નવા પાણીની આવક થતાં ગ્રામ્ય વિસ્તારમાં આનંદની લાગણી પ્રસરેલી જોવા મળે છે.

દરમ્યાન પાલજમાં એક યુવાનનુ બલ્બ બદલવા જતાં કરંટ લાગતાં અવસાન થયાના અહેવાલો આવ્યા છે.

બીજી તરફ આગામી કલાકો ભારેથી અતીભારે વરસાદ થવાની આગાહીને પગલે જિલ્લા તંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવ્યુ છે અને જિલ્લા કલેક્ટરે આ અંગે અધિકારીઓને ફરજનુ સ્થાન નહિ છોડવાના પણ આદેશ આપ્યા છે.

સ્વ. શ્રીમતી શૈલાબેન ઉર્ફે (સૂર્યાબેન) પટેલની
પ્રથમ માસિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સદા રહેલુ મુખ પર સ્મિત, અમારા હૈયા પુલકિત કરશે,
સદા વહેલી અંતરની નિખાલસતા અમ જીવનનું અજવાળું રહેશે.
સૌના હૃદય જીતી, મીઠી યાદો મુકી ધીરેથી ચાલી ગયા
સૌની સેવાનો ધર્મ બજાવ્યો, સ્વ-સેવા લેવા જાણે ભેખ ધર્યો
અંતરની ઈચ્છાઓ ત્યજી, અધવચ્ચે અનંતયાત્રા શરૂ કરી.

પત્ની બની પ્રેમનું અમૃત ભર્યું
બ્હેન બની સ્નેહનું અમૃત ભર્યું
મા બની મમતાનું અમૃત ભર્યું

રમેશભાઈ ભલાભાઈ પટેલ
ભાવનાબેન રમેશભાઈ પટેલ
આકાશ રમેશભાઈ પટેલ
ઉમંગ રમેશભાઈ પટેલ
હાલ - ગાંધીનગર (કુહાવાળા)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com